## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ : આદિવાસી ગૌરવ દિન

# આદિવાસીઓના સર્વાંગી ઉત્કર્ષની ગંગા વહાવનાર પ્રમુખસ્વામી મહારાજ

**આદિવાસીઓના શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કાર માટે પ્રમુખસ્વામી મહારાજે કરી હતી રાષ્ટ્રવ્યાપી પ્રવૃત્તિ : કષ્ટો વેઠીને આદિવાસીઓના સર્વાંગી ઉત્કર્ષની ગંગા વહાવનાર પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજને અંજલિ આપતાં સમાજનાં વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો : અનુસૂચિત જનજાતિના ઉત્કર્ષમાં સંતોના પ્રદાન વિષયક વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ : નેશનલ એસોસિએશન ઓફ રિયલ્ટર્સ દ્વારા કોન્ફરન્સ યોજાઇ**









આજે 'આદિવાસી ગૌરવ દિન'ના ઉપક્રમે, પ્રમુખસ્વામી મહારાજ નગરમાં એક વિરાટ સંધ્યા સભાનું આયોજન થયું હતું. જેમાં ભારતના અનેકવિધ ધાર્મિક, ઓદ્યોગિક, શૈક્ષણિક ક્ષેત્રના અગ્રણીઓ અને જાહેરજીવનના અનેક પ્રતિનિધિઓની સાથે હજારો સંતો-ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ આપી હતી. પોતાના નિઃસ્વાર્થ પ્રેમ અને અધ્યાત્મબળથી આદિવાસી બંધુઓના ઉત્કર્ષ માટે રાષ્ટ્ર વ્યાપી આંદોલનમાં અવિસ્મરણીય યોગદાન આપનાર પ્રમુખસ્વામી મહારાજ એક વિરલ સંત હતા. આદિવાસી ભાઈઓમાં પરમાત્માનાં દર્શન કરતાં પ્રમુખસ્વામી મહારાજ તેઓને સ્વજન માનતા. આદિવાસીઓનાં જીવન ઉદ્ધારની પ્રવૃત્તિ નિરંતર ચાલતી રહે તે માટે પ્રમુખસ્વામી મહારાજે સંતો અને મંદિરોની ભેટ આપી. આદિવાસી છાત્રાલય, શાળા પરિસરો અને ફરતાં દવાખાનાઓ દ્વારા તેમની કરુણા સદા આ વનવાસી ભાઈઓ તરફ વહેતી રહી. આદિવાસી ઉત્કર્ષ કાજે સન ૧૯૭૭માં સાબરકાંઠામાં પ્રમુખસ્વામી મહારાજે ૪૫ ડિગ્રી ગરમીમાં માટે ૯૧ ગામોમાં અને સન ૧૯૭૯માં ૨૧ દિવસમાં પંચમહાલ અને ભરૂચ જિલ્લાના ૯૫ ગામોમાં અભૂતપૂર્વ વિચરણ કર્યું હતું. અંતરિયાળ ગામોમાં કષ્ટો વેઠીને વિચરતા પ્રમુખસ્વામી મહારાજે ગરીબી, વહેમ, અંધશ્રદ્ધા, નિરક્ષરતા, વ્યસનોમાં ડૂબેલા અને અનેકવિધ સમસ્યાઓથી ઘેરાયેલા આદિવાસીઓના ઝૂંપડે ઝૂંપડે જઈને તેમનાં જીવન પવિત્ર સંસ્કારોથી સમૃદ્ધ કર્યા હતા. ભગવાનની ધૂન, પ્રાર્થના અને કીર્તન સાથે શુભારંભ કરવામાં આવ્યો હતો. હિંમતનગર સંગીત વૃંદ દ્વારા કીર્તનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. BAPSના સંત આદર્શજીવન સ્વામીએ 'પ્રમુખ ચરિતમ' વિષયક પ્રવચન દ્વારા પ્રમુખસ્વામી મહારાજના આદિવાસી ઉત્કર્ષના ભગીરથ કાર્યને વર્ણવ્યું હતું. 'ટીંબલી' આદિવાસી નૃત્ય દ્વારા પ્રમુખસ્વામી મહારાજના ચરણોમાં વંદના કરવામાં આવી હતી.



### ગુજરાત પોલીસની વધુ એક ગૌરવ સિદ્ધિ

# ત્રિનેત્ર-ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને નેશનલ ઈ-ગર્વનન્સ ગોલ્ડ એવોર્ડ પ્રાપ્ત થયો



ગાંધીનગર, તા.૨૨

ગુજરાત પોલીસ દળના VISWAS પ્રોજેકટ અંતર્ગત કાર્યરત કરાયેલા ત્રિનેત્ર-ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (i3C)ને ભારત સરકારના નેશનલ ઈ-ગર્વનન્સ ગોલ્ડ એવોર્ડનું ગૌરવ સન્માન મળ્યું છે.

જમ્મુ ખાતે યોજાયેલી ૨૫મી નેશનલ કોન્ફરન્સ ઓન ઈ-ગર્વનન્સમાં ગુજરાત પોલીસ દળને નેશનલ એવોર્ડ ફોર ઈ-ગર્વનન્સ સ્કીમ ૨૦૨૧-૨૨ અન્વયે એકસલન્સ ઈન એડોપ્ટીંગ ઈમર્જીંગ ટેકનોલોજીસ કેટેગરીમાં આ એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રાજય મંત્રીમંડળની બેઠકમાં આ એવોર્ડ અને પ્રશસ્તિ પત્ર ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ ગુજરાત પોલીસની ગૌરવગાથામાં આ વધુ એક સિદ્ધિ મેળવવા માટે પોલીસતંત્રની કર્તવ્યનિષ્ઠા તથા ફરજપરસ્તીને અભિનંદન પાઠવી બિરદાવી હતી. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, VISWAS Project અંતર્ગત ૩૪-જિલ્લાના મુખ્ય મથકો, ૬-પવિત્ર યાત્રાધામો અને સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા મળી કુલ ૪૧-શહેરોમાં ટ્રાફિક જંકશન, એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ અને અન્ય સ્ટ્રેટેજિક સ્થળોએ ૭,૦૦૦ CCTV કેમેરા લગાવી, સંબંધિત જિલ્લાના "નેત્રમ" (District Level Command & Control Centre) સાથે point to point connectivity થી જોડવામાં આવ્યા છે અને તમામ જિલ્લાઓના 'નેત્રમ' ને ગાંધીનગર સ્થિત Trinetra સાથે integrate કરવામાં આવેલ છે.

# ચીનથી પરત ભાવનગર આવેલા વેપારીને કોરોના પોઝિટીવ

### ૧૯ ડિસેમ્બરે પરત ફર્યા બાદ ટેસ્ટ કરાયો હતો

ભાવનગર, તા.૨૨

ચીનમાં કોરોનાથી સર્જાયેલી તબાહી વચ્ચે ભારતમાં પણ ચિંતા વધી છે. ચીનથી ગુજરાતના ભાવનગર પરત ફરેલા એક વ્યક્તિ કોરોના સંક્રમિત મળી આવ્યો છે. હવે તેમના સેમ્પલને જિનોમ સિકવન્સિંગ માટે ગાંધીનગર લેબમાં મોકલવામાં આવ્યા છે. ૩૪ વર્ષીય બિઝનેસમેન કામ માટે ચીન ગયા હતા. ૧૯ ડિસેમ્બરે ભારત પરત ફર્યા બાદ તેનો કોરોના ટેસ્ટ કરાયો હતો જેમાં તે પોઝિટવ નીકળ્યો હતો. ભાવનગરમાં ચીનથી આવેલા બિઝનેસમેનનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. પીડિત યુવકને હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યો છે. આ યુવાનના પોઝિટિવ લક્ષણો જણાતા બીએફ.૭ ટેસ્ટ માટે સેમ્પલ ગાંધીનગર મોકલવામાં આવ્યું છે. બે દિવસ પહેલા એક ૩૪ વર્ષીય યુવક ચીનથી ભાવનગર આવ્યો હતો. તેની સાથે ફલાઈટમાં આવેલા લોકોનો પણ સંપર્ક કરવામાં આવી રહ્યો છે. યુવક શાંઘાઈ, હોંગકોંગ અને મુંબઈ થઈને ભાવનગર આવ્યો હતો.

ગુજરાત સરકારે હવે અન્ય દેશોમાંથી રાજયમાં આવતા મુસાફરોની "ફરજિયાત" તપાસ કરવાનો આદેશ આપ્યો છે. સપ્ટેમ્બર અને નવેમ્બરમાં અમદાવાદ અને વડોદરામાં ગુજરાતમાં કોરોના વાયરસના ઓમિક્રોનના પેટા-સ્વરૂપ બીએફ.૭ ના ઓછામાં ઓછા બે કેસ નોંધાયા હતા. બંને કેસ વિદેશથી પરત ફરેલા લોકોમાં જોવા મળ્યા હતા.ભારતમાં અત્યાર સુધીમાં મ્હ્ર.૭ વેરિએન્ટના ૪ કેસ મળી આવ્યા છે. જેમાંથી ત્રણ ગુજરાતમાં મળી આવ્યા હતા. જો કે, ભારતમાં મળી આવેલા કોઈ પણ દર્દીમાં ગંભીર લક્ષણો જોવા મળ્યા નથી. મ્હ્ર.૭ વેરિયન્ટ ચીનમાં હાલની લહેર માટે જવાબદાર હોવાનું કહેવાય છે. આ વેરિએન્ટે ચીનમાં ભારે તબાહી મચાવી છે.

### કોરોનાને લઇ ગુજરાત સરકાર સજ્જ

# કોવિડ એપ્રોપ્રિએટ બિહેવીયરને અનુસરવા સરકારનો અનુરોધ

### રાજ્યમાં થયેલ શ્રેષ્ઠ રસીકરણના પરિણામે હાલ ગુજરાતમાં કોરોનાની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે

ગાંધીનગર, તા.૨૨

રાજ્યમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અંગેની કેબિનેટ મીટીંગની ચર્ચા બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે મીડિયાને સંબોધતા કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય આરોગ્યમંત્રી મનસુખભાઇ માંડવીયાના સતત માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા સતત ટેસ્ટ-ટ્રેક-ટ્રીટમેન્ટ (૩), વેક્સીનેશન-કોવિડ એપ્રોપ્રિએટ બિહેવિયરની સ્ટ્રેટેજી અપનાવીને તે દિશામાં કામગીરી કરવામાં આવી રહી છે.ગુજરાત રાજ્ય કોરોના સામેની લડતમાં હરહંમેશ પ્રો-એક્ટિવ વલણ અપનાવ્યું છે. દેશના અન્ય રાજ્યો જેવા કે કેરળ, મહારાષ્ટ્ર, કર્ણાટક, દિલ્હી, તમિલનાડુ, વગેરે રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં કોવિડ કેસની સંખ્યા ખુબ જ ઓછી જોવા મળી રહી છે. છેલ્લા એક માસમાં રાજ્યમાં એવરેજ ૫ થી ૧૦ જેટલા કેસો નોંધાયા છે. જ્યારે એક્ટીવ કેસની સંખ્યા પણ અન્ય રાજ્યોની સરખાણીમાં ગુજરાતમાં ફક્ત ૨૩ જેટલા છે. ભારતમાં કુલ એક્ટીવ કેસ ૩૪૦૨ છે. જેની સાપેક્ષમાં રાજ્યના એક્ટીવ કેસની સંખ્યા ખુબ જ ઓછી છે.મંત્રીએ વધુમાં કહ્યું કે, દેશભરમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિ અને કેન્દ્રીય આરોગ્ય વિભાગના પરામર્શથી રાજ્ય સરકારે કોરોના સામેની લડત માટે પ્રો-એક્ટિવ વલણ દાખવીને સંપૂર્ણ તૈયારીઓ આરંભી દીધી છે.રાજ્યભરમાં વિવિધ હોસ્પિટલોમાં આવેલા ઓક્સિજન પ્લાન્ટને ચકાસવા આવતીકાલે શુક્રવારે એક મોકડ્રીલ યોજવામાં આવશે. જેથી જરૂર પડે ત્યારે યુદ્ધના ધોરણે આ પ્લાન્ટસનો ઉપયોગ કરી શકાય. આ ઉપરાંત જરૂર પડે તો તેની કેપેસીટી પણ વધારવામાં આવશે. ઋષિકેશ પટેલે રાજ્યમાં કોરોના સામેની લડતમાં ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ અંગે જણાવ્યું હતુ કે, રાજ્યની હોસ્પિટલો, પી.એચ.સી અને સી.એચ.સી સેન્ટરમાં કોવિડની ગાઈડલાઈન મુજબ તૈયારી સંદર્ભે ગઈકાલે તમામ તબીબો, અધિકારીઓ અને સ્ટાફ સાથે રાજ્ય કક્ષાની વીડિયો કોન્ફરન્સ યોજીને જરૂરી તમામ માર્ગદર્શન, સૂચનાઓ આપીને સમીક્ષા કરવામાં આવી હતી.

## જોર વધ્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે ઠંડી વધતા જનજીવન પણ પ્રભાવિ રહ્યુ હતુ. શહેરમાં છેલ્લા પાંચ દિવસથી મહત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીની ગિરાવટ જોવા મળી રહી છે. જયારે લઘુત્તમ તાપમાન ૭ ડીગ્રી ગગડયુ છે.

છેલ્લા બે દિવસથી વધતી ઠંડી વચ્ચે મોડી સાંજ બાદ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની શેરીઓમાં વિશેષ ચહલ પહલ જોવા મળતી નથી. વહેલી સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા વધી છે. જયારે માર્ગ પર જતા વાહનચાલકો હવે રાત્રિના સમયે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. હવામાન તજજ્ઞોના મતે પણ આગામી ડિસેમ્બર અંત સુધીમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળે તેવી સંભાવના છે. અલબત્ત લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી નીચે ઉતરી જાય તેમ પણ મનાઈ રહ્યુ છે.

## ડ્રાફ્ટ તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મંજૂરીના અંતે ત્રણ નવી ટાઉન પ્લાનિંગ સ્કીમ હેઠળ કુલ મળીને ૨૭૫ હેક્ટર વિસ્તારમા નવતર આયોજન કરાશે . આ અન્વયે અડાલજમાં ૬૪.૮૮ હેક્ટર, વલાદમાં ૧૬૨.૮૧ હેક્ટર અને પાલજમાં ૪૭ હેક્ટર વિસ્તારનો સમાવેશ થશે આ વિસ્તારમાં રસ્તા, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ, વ્યાજબી ભાવના આવાસ, બાગ, બગીચા, કોમ્યુનિટી હોલ સહિતની માળખાકીય સુવિધાઓ પુરી પાડવાનું આયોજન પણ તેજ ગતિએ હાથ ધરાશે.

## રોડમેપ તૈયાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપી દેવામાં આવ્યુ છે. સોમવાર એ પ્રજા માટેનો દિવસ રહેશે. જ્યારે મંગળવારે ધારાસભ્યો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની મુલાકાત માટે નિયત કરવામાં આવેલ છે.

જિલ્લાઓનો પ્રવાસ શનિ-રવિ જ રાખી શકાશે. ગુરૂવાર અને શુક્રવારે વિભાગો સાથે સમીક્ષા બેઠકોનું આયોજન કરવા જણાવવામાં આવ્યુ છે.

## ૧૦ લાખ કરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તમામ તબીબો , અધિકારીઓ અને સ્ટાફ સાથે રાજ્ય કક્ષાની વીડિયો કોન્ફરન્સ યોજીને જરૂરી તમામ માર્ગદર્શન, સૂચનાઓ આપીને સમીક્ષા કરવામાં આવી હતી. રાજ્યમાં હાલ કોવિડ-૧૯ અંતર્ગત સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં ૧ લાખ ૪ હજાર થી વધું બેડની સુવિધાઓ ઉપલબ્ધ છે. જે ૨૪ કલાકમાં જ કોવિડના દર્દીઓની સારવાર માટે ટ્રાન્સફર કરી શકાય તેમ છે. જેમાં ૧૫ હજાર થી વધુ આઈ.સી.યુ., ૯૭૦૦ જેટલા વેન્ટિલેટર બેડનો સમાવેશ થાય છે.

મંત્રીએ જીનોમ સિકવન્સિંગ સંદર્ભે જણાવ્યું હતુ કે, હાલ આર.ટી.પી.સી.આર પોઝીટીવ દર્દીનું ઝીનોમ સિકવન્સિંગ કરવામાં આવે છે. હાલમાં ય્મ્ઈઝ્ર ગાંધીનગર ખાતે દર મહીને ૪ હજારથી વધુ ઝીનોમ સીકવન્સિંગ ટેસ્ટ કરવાની કેપીસીટી છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં થયેલ કોરોના રસીકરણ સંદર્ભે વિગતો આપતા જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં સમગ્ર દેશમાં આરંભાયેલા કોરોના રસીકરણ મહાઅભિયાનના પગલે ગુજરાત શરૂઆતથી જ કોરોના રસીકરણની કામગીરી માં અગ્રેસર રહ્યું છે.

મંત્રી એ વિશેષમાં જણાવ્યું કે, હાલ ચીન, જાપાન અને અમેરિકા જેવા રાજ્યોમાં મ્હ્ર ૭ વેરિયન્ટ ના કેસ જોવા મળી રહ્યા છે. ભારત અને ગુજરાતમાં આ પ્રકારના જૂજ કેસ જોવા મળ્યા છે. ગુજરાતમાં નોંધાયેલ મ્હ્ર ૭ થી સંક્રમિત ૩ દર્દીઓ હોમ આઈસોલેસનમાં જ સાજા થઈ ગયા હતા. રાજ્યમાં થયેલ શ્રેષ્ઠ રસીકરણના પરિણામે હાલ ગુજરાતમાં કોરોનાની પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. મંત્રી એ રાજ્યની જનતાને કોવિડ એપ્રોપ્રિએટ બિહેવરનું સ્વયંભુ રીતે પાલન કરવા તેમજ કોવિડ સંદર્ભે આપવામાં આવનાર સરકારી દિશાનિર્દેશોને અનુસરવા અનુરોધ કર્યો છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશભાઈ પટેલે વધુમાં જણાવ્યું હતું કે સરકાર દ્વારા ખેડૂત હિતલક્ષી સરકારે અનેકવિધ મહત્વના નિર્ણયો કર્યા છે. ગુજરાતમાં ખેડૂતોને પાક- ધિરાણ ઝીરો ટકાના વ્યાજ દરે આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ખેડૂતોને સરકાર દ્વારા ૦૪ ટકા વ્યાજ સહાય આપવામાં આવે છે. આગામી ૧૦૦ દિવસમાં રાજ્ય સરકાર દ્વારા રૂ.૪૧૭ કરોડની રકમ ખેડૂતોને પાક ધિરાણ પર વ્યાજ સહાય તરીકે ચૂકવવામાં આવનાર છે.

## યુવા ઉત્સવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સ્પર્ધાઓમાં મયંક દવે, ઉદય શુકલ, શિવરામભાઈ શ્રીમાળી, નયન ભટ્ટ, ઉત્પલા દેસાઈ, ભરતભાઈ બારૈયા, ગુણવંત જાની, મૃણાલિની ભટ્ટ, મનોજ શુકલ, બીપીન પંચોલી, ભીખુભાઈ કવિ સહિતના કલાકારો અને કલા આરાધકોએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. પ્રારંભમાં રમત-ગમત શાખાના અધિકારી તેજલબા ચૌહાણે મહેમાનોનું સ્વાગત કર્યુ હતુ.

આ સ્પર્ધામાં રંગમંચ, બ્રહ્મભવન તેમજ અંધશાળા સે. ૧૬ ખાતે યોજાઈ હતી.

## મોદીની અપીલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાપાન, દક્ષિણ કોરિયા, ફ્રાન્સ અને બ્રાઝિલ જેવા મોટા દેશોમાંથી કોરોનાના લગભગ ૫.૩૭ લાખ નવા કેસ નોંધાયા છે. જ્યારે ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૫ નવા કેસ નોંધાયા છે. જેમાંથી ચાર કેસ નવા ચાઈના વેરિઅન્ટ - બીએફ.૭ના છે. આવી સ્થિતિમાં લોકોએ હવે સાવચેત રહેવું જોઈએ. વધુમાં આઈએમએ એ કહ્યું છે કે ભારતમાં જાહેર અને ખાનગી ક્ષેત્રમાં મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, યોગ્ય તબીબી નિષ્ણાતો તેમજ સરકાર તરફથી સક્રિય નેતૃત્વ સમર્થન અને પૂરતી દવાઓ અને રસીની ઉપલબ્ધતા સાથે અમે ભૂતકાળની જેમ કોઈપણ પરિસ્થિતિનું સંચાલન કરવા સક્ષમ છીએ.

આઈએમએએ કહ્યું છે કે હાલમાં સ્થિતિ ચિંતાજનક નથી તેથી ગભરાવાની જરૂર નથી. ઉપચાર દ્વારા અટકાવી શકાય છે. તેથી દરેકને સલાહ આપવામાં આવે છે કે તે વાયરસને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકાનું પાલન કરે.

# દવાઓની સંગ્રહખોરી ન કરવી : કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનના પ્રમુખ

### અત્યારથી જ દવાઓની સંગ્રહખોરી ન કરવા અને અફવાઓથી દૂર રહેવા માટે અપીલ કરવામાં આવી છે

અમદાવાદ, તા.૨૨

ચીન સહિતના દેશોમાં કોરોનાએ ફરી માથું ઉંચકતા હાહાકાર મચ્યો છે. ત્યારે ગુજરાત સહિત સમગ્ર દેશનું આરોગ્ય તંત્ર એલર્ટ પર છે. તેવામાં કેમિસ્ટ એસોસિએશનના ચેરમેનનું મહત્વનું નિવેદન સામે આવ્યું છે.

કોરોનાના વધતા કેસ સામે ગુજરાતમાં પૂરતો દવાનો સ્ટોક છે. જેથી કોઈએ પણ બિનજરૂરી દવાઓનો સંગ્રહ કરવાની જરૂર નથી. કોરોના ફરી રિટર્ન થતા સમગ્ર દુનિયામાં ભયભીત બની છે. ભારતમાં અને ગુજરાતમાં પણ આરોગ્ય તંત્ર દ્વારા બેઠકોનો દોર શરૂ કરી દેવામાં આવ્યો છે. સરકારી આરોગ્ય તંત્રની સાથે કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશન પણ એલર્ટ મોડ પર આવી ગયું છે.

ગુજરાતના કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનના પ્રમુખ જશુભાઈ પટેલનું મહત્વનું નિવેદન સામે આવ્યુ છે. તેમણે જણાવ્યું છે કે, રાજ્યમાં દવાઓની વ્યવસ્થા પૂરતી કરવામાં આવી છે. જેમાં એજિથ્રોમાઈસિન, શિફેક્શિન, એમઓક્સિલીન સહિતની દવાઓ ઉપલબ્ધ છે. દવાઓની ખોટી સંગ્રહખોરી ન કરવા તેઓએ સૂચન કર્યુ છે. જરૂરિયાત મુજબ દવાઓનો સ્ટોક રાખવા મેડિકલ સ્ટોરના માલિકોને સૂચના આપવામાં આવી છે.

કોરોનામાં ઉપયોગી એન્ટિબાયોટિક ઈન્જેક્શનનો જથ્થો પણ પૂરતી માત્રામાં ઉપલબ્ધ છે. એન્ટિએલર્જિક ટેબ્લેટ પણ રાજ્યમાં પૂરતા પ્રમાણમાં હોવાનું તેમણે જણાવ્યું છે. માત્ર દવાઓ જ નહીં, બજારમાં માસ્કનો જથ્થો પણ પૂરતા પ્રમાણમાં મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવા મેડિકલ સ્ટોરના માલિકોને સૂચના આપી છે.